ભાટીયાઓની ૮૪ નુખો

૧. રાય ગાજરીયા

ગાજરી ગાના રાય સાથે ૨૦૮ ઘર મળ્યા. સર્વેથી મોટી નુખ એમની થઈ; અને બધાઓને મળીને એમને (ન્યાતના) શેઠની પદવી આપી. એમની (ગાજરીયા) નુખમાં મોટા કારજ થયા. એઓ પ્રકૃતિથીજ બહુ ઉદાર હતા, અને રજવાડા જેવી રીતભાત રાખતા.

૨. રાય હરિયા

હરિસંગ સાથે ભાઈઓના અડતાલીસ ઘર મળ્યા. સૌ ઉત્તમ ભક્ત હતા અને હંમેશ ઈશ્વર સ્મરણમાં રહેતા.

૩. રાય સપ્પટ

થલીમાં સાપટા નામ ગામમાં રહેનારા સપ્પટ કહેવાયા. મુખે ખેમાજી આદિ બધા ભાટ ૨૫ ઘર મળ્યા. દેવી દેવી જપતા અને કોઈને નમતા નહિ. એવા ટેકી હતા. મન મળ્યા પછી વિવેકી હતા પણ એ પહેલાં તનનો મરોડ તજતા નહિ.

૪. રાય પંચલોથિયા

જેસારાય, નવલરાય, જોઘરાજ, વીરસેન અને કેસરસિહ એમ પાંચે જેસલમેરના છેલ્લા સાકામાં કામ આવેલ. (માર્યા ગયેલાઓના) બહાદુરસિંહ નામે તેમના વંશજોએ આ પ્રસંગની યાદગીરી રાખવા પંચલોથિયા એવું નુખનું નામ રાખ્યું. ભાઈઓ અને કુટુંબીઓના બધા મળી સતાવીસ ઘર થયા, એઓ દુઃખીઆઓને મદદ અને દિલાસો આપી તેમની આશિષ લેતા. (પંચોળીઆ, પંચલોથીઆનું અપભ્રંશ છે.)

૫. રાય રામીયા

અજેરાજ સાથે ભાઈઓના સોળ ઘર થયા. તેઓ પોતે (અજરાજ) રામચંદ્રના ભક્ત હતા. જેથી એમની રામીઆ નુખ કહેવાઈ, ધર્મનીતિ અને જ્ઞાનમાં કુશળ હતા કદી પણ મોઢેથી અસત્ય બોલતા નહિ.

૬. રાય પદમસીંહ

રાય પદમશી લડાઈમાં કામ આવેલ (મરાયેલ) તેમનો પુત્ર ઉદેરાય ફોજમાં ચાકરી કરતો અને પોતે બહુ પ્રતાપી હતો. ડેરા નામે ગામમાં એ રહેતો. ઉદેરાયને મોટા મોટાઓની પ્રીતી હતી. ભાઈઓના કુલ સતાવીસ ઘરોમાં એમનું (ઉદેરાયનું) બહુ માન હતું. (આથી આ નુખ પદમશી નામે થઈ.)

૭. રાય વેદ

મેઘરાજનો માનસીંહ નામે પુત્ર હતો. જે વૈદીક વિદ્યામાં અતિ નિપુણ હતો. (જેથી એનો સાથે જે મળ્યા તે ''વેદ'' નુખથી ઓળખાયા) ભાઈઓના કુલ ઘર ત્રીસ થયા. સ્વભાવે જ બધા પરમાર્થી હતા. (એટલે સુધી કે) દુઃખી રોગીને જોતા તો પોતાના પદરથી દામ ખરચી દવા કરતો.

૮. રાય સુરૈયા

સુરસીંહ લડાઈમાં મ્લેચ્છાનો સંહાર કરી પોતે પણ પડયા. જ્યારે પોતે ધરણી પર ઢળ્યા ત્યારે, અગ્નિથી દિવ્ય જ્યોત શરીરમાંથી નીકળી ભાઈઓની મરજી એવી થઈ કે એમનું (સુરસીંહજી) નામ વિખ્યાત કરવું. આથી એમની સાથે જે ૩૫ ઘર મળ્યા તે સુરૈયા નામથી ઓળખાયા.

૯. રાય પલીજા

પલીજા ગામમાં પરમાજી ભાટી રહેતા. થલીમાં લૂંટફાટ કરતા એમની સાથે જે પચ્ચીસ ઘર મળ્યા તે ભાવલપૂરમાં રહેતા અને ઘીનો વેપાર કરતા. મનના અતિ ઉદાર હતા. (એ સઘળા પલીજા કહેવાયા.)

૧૦. રાય દુતીયા

દુતા ગામમાં જે ભાટી રહેતા તેમની દુતીયા એવી નુખ કહેવાઈ. અરજણજી આદિ મેઘને બેયે ગુણો એટલા (એટલે ૨૪ ઘર થયા) તેઓ દેવીના ભક્ત હતા અને તેમને દેવી પ્રત્યક્ષ સહાય હતી.

૧૧. રાય ગોકુળ ગાંધી

રાવતજી લડાઈમાં કામ આવેલ, તેનો ૧૦ વર્ષનો પુત્ર મુલ્તાનમાં રહેતો. ગોકુલ નામને ગાંધીની દુકાને કામ શીખવા બેઠો. અને વાંસેથી પોતાનું કામ જમાવી પાંચ પૈસા પેદા કરી સારી આબરુ પામ્યો એની સાથે જે ૨૦ ઘર થયા તે ગોકુળગાંધીની નુખથી ઓળખાયા.

૧૨. રાય જાબા

ભીમ થલીમાં (મોટી થલીમા) જાબાજી નામે ભાટી રહેતા. હનુમાન એને સહાય હતા. સૂર્ય ઉગતા જ પ્રથમ હનુમાનના દર્શન કરતાં. યોગશાસ્ત્ર પર અત્યંત પ્રીતિ હતી અને હઠયોગ સાધતા. જૂઠું કદી બોલતા નહિ અને એનું વચન સિદ્ધ વચન પેઠે ફળતું. મેઘને બેયે ગુણો એટલા (૨૪) ઘર એની સાથે મળ્યા. તેઓ સંપને ઉત્તમ જાણી આપસમાં એકમત રહેતા.

૧૩. રાય નયે ગાંધી, નેગી

નયેગાંધીના બધા મળી વીસ ઘર થયા, તેમાં જોધાજી મુખી હતા. ગામમાં ગાંધીની નવી દુકાન કરેલ જેથી નયેગાંધી કહેવાયા. સઘળા શ્રી રામચંદ્રને માનતા.

૧૪. રાય મેદીઆ

રાય કુંભાજી રણમાં પડયા તેમનો પુત્ર ઓઘો મેદી ગામમાં રહેતો. તેનું કુટુંબ મોટું હતું. તે બાદરઅલી નવાબ પાસે નોકર હતો. (એ નુખમાં) મેઘને સમુદ્ર મેળવી જેટલા ઘર થાય તેટલા ઘર હતા (એટલે ૧૯ ઘર)

૧૫. રાય છછીયા

દેસાજી આદિ છ ઘર જગડુ ગામમાં રહેતા. તેમની નુખ છાછીયા થઈ.

૧૬. રાય બબલા

થલમાં નાગુ નામે ગામમાં ''બબલા'' રહેતા. ચાર ગણા આઠ ઘર હતા (એટલે ૩૨ ઘર) શત્રુઓ એમનાથી થરથરતા. જોધાજીનો પુત્ર માન ક્ષત્રિવટમાં પૂરો હતો. ફોજમાં ભંગાણ પાડવામાં એ કુશળ હતો. એ બબલા કહેવાયા.

૧૭. રાય પંચાલ

પંચાલપૂરમાં રહેનાર ભાટીઓના આઠ ઘર પંચાલ નુખથી ઓળખાયા. એમની સાથે ઉત્તમ બાણાવળી રાય ભીમ મળ્યા.

૧૮. રાય ગગલા

રાવત ગગલા લડાઈમાં કામ આવેલ. તેના પુત્રનું નામ સુજાણ હતું. ગગલા નુખમાં ૩૦ ઘર થયા.

૧૯. રાય સુઅડા

સુઅડા અટકના ઘર ૨૨, સુઅડા નુખથી ઓળખાયા, તેમની સાથે ઊદાના બે પુત્રો મેઘરાજ અને મુલરાજ મળ્યા.

૨૦. રાય નાગડા

થલીમાના નાગડા ગામમાં રહેતા ભાઈઓના ૨૬ ઘર નાગડા નુખથી ઓળખાયા.

૨૧. રાય સરાક્ષી

રાવણના દશ મોઢાં તથા વેદ ચાર મળી સંખ્યા થાય તેટલા (ચૌદ) ભાઈઓના ઘર મળી સરાકી નુખ થઈ. એ નુખમાં ઉદામલ બહુ યશનામી થયો.

૨૨. રાય સોની

સોનગામમાં રહેનારા સોની કહેવાયા. બે પગ અને ચાર વેદ સાથે લઈ બમણા કરીએ એટલા ઘર એ નુખમાં થયા. (૧૨ ઘર) તેઓના મુખી રતનરાય તેલનો વેપાર કરતા કોઈને માઠું લાગે એવું બોલતા નહિ.

૨૩. રાય સોફળા

ભૂપતસંગ ભાટી સાથે રત્નોની સંખ્યાથી બમણી (૨૮) માંથી ત્રણ બાદ કરીએ તેટલા ભાઈઓના ૨૫ ઘર મળ્યા તેઓ સોફળા કહેવાયા.

૨૪. રાય જીઆ

રાય જીઆએ દુશ્મનની ફોજમાં ભંગાણ પાડયું. પોતાના શરીરમાં બોતેર ઘા વાગ્યા, તોપણ રણમાં (પર્વત પેઠે અચલ રહ્યા) એમાં આઠ સિદ્ધિ અને નવ નિધિની સંખ્યા જેટલા એટલે ભાઈઓના સત્તર ઘર મળ્યા તેમણે રાયજીઆના નામ પરથી, નુખનું નામ જીઆ રાખ્યું.

૨૫. રાય મોગીઆ

રાય મોગીઆ લડાઈમાં મરાયેલા તેના આઠ પુત્રો હતા. ઋષીઓની સંખ્યાને ચારે ગુણીએ એટલે બધા મળી ૨૮ ઘર મોગીઆ નુખના કહેવાયા.

૨૬. રાય ધધા

થલીના ધધાલુ ગામમાં ઘોઘારાય ભાટી રહેતા, તેની સાથે આઠ ઘર મળ્યા. તેમની ધધા નુખ કહેવાઈ.

૨૭, રાય રીકા

ફોજનો નાશ કરી રાય રીકા રણમાં પડયા તેના જેસા નામે પુત્ર સાથે બાર ઘર મળ્યા, તેમની નુખનું નામ રીકા થયું.

૨૮. રાય જીવણ

રાસા ગામમાં રાય જીવણ રહેતા તે ખેતીનું કામ કરતાં બાકીની સંખ્યામાંથી બે બાદ કરી જેટલા રહે તેટલા ઘર થયા. (એટલે ૩૦ ઘર)

૨૯. રાય કોઠીઆ

કોઠી ગામમાં જે ભાટી રહ્યા તેમની સાથે નુખ અને બાકીની સંખ્યા મેળવીને તેમાંથી બાર બાદ કરતાં જેટલા રહે તેટલા ઘર મળ્યા (એટલે ૪૦ ઘર) તેમની કોઠીઆ નુખ કહેવાઈ.

૩૦. રાય કોઆ

કોઆપૂરમાં જે રહેતા તે કોઆ નુખે ઓળખાયા. નિધિઓ બે ગુણીએ એટલા અઢાર ઘર હતા ને ખેતીનું કામ કરતા.

૩૧. રાય ધવણ

રાય ધવણ પુરખા થઈ ગયા, બાધા રાખનારની આશ પુરતા, મેઘો નામે તેનો પુત્ર માથે મોવાળા રાખતો. એમાંના અગિયાર ઘર થયા. એમણે પોતાની નુખનું નામ ધવણ રાખ્યું,

૩૨. રાય બબલા

ગાથા ગામમાં, કીર્તિશાળી રાય બબલા રહેતા. તેમાં પુજાજી મુખ્ય હતા. તેમના ૧૯ ઘર મળ્યા.

૩૩. રાય જયા

થલીમાં રહેનારા રાય જયા, ચાદડ ગામમાં આવી વસ્યા. ચાદડના બધા મળી સોળ રાય જયા નુખના કહેવાયા સોળ ઘરો સાથે રહ્યા અને ખેતીને જીવનનું મુળ સમજી, ખેતીનું કામ કરવા લાગ્યા.

૩૪. રાય વનડા

થલીમાં વનડા ગામમાં સુજાણ ભાટી રહેતો. તે બકરાં, ઘેટાં, ઊટોની વાંઢ વગેરે રાખી નિર્વાહ કરતો. તેની સાથે સાત ઘર મળ્યા. (નુખનું નામ વનડા રાખ્યું.)

૩૫. રાય ડુંગા (ઠગા)

ડુંગરાય રણમાં પડયા. તેના સાત પુત્ર હતા. સાતને સાત ગણા કરો (એટલે ૪૯) એટલા ઘર એમાં થયા.

૩૬. રાય ખોંધીયા

માથું કપાઈ જમીન ઉપર પડયું તોપણ સુજરાયની ખોંધ લડી તેથી એમાં જેટલા ઘર આવ્યા તે ખોધીયા નુખના કહેવાયા. વધીને શીવને નેત્ર જેટલા ઘર થયા. (૧૦ ઘર) તેઓ ખેતી કરાવતા તે મસ્ત રહેતા.

૩૭. રાય રડીઆ

થલીના રતનાર ગામમાં રડીઆ રાય રહેતા. જે કોઈ પોતાને ત્યાં આવતું તેને અન્નજલ આપતાં કુલ ૩૬ ઘર રડીઆ નુખમાં થયા.

૩૮. રાય કજરીઆ

મુલતાન પાસે કજર ગામમાં ૨૪ ઘર મળ્યા તે કજરીઆ ખેતી કરાવતા.

૩૯. રાય સિંજવલા

રાય સિંજવલા વોરાવટનું કામ કરતા. સિજવલા નુખમાં બાર ઘર મળ્યા.

૪૦ રાય જબાલ

જગા નરપત સહિત, રાય જબાલના ૧૪ ઘર હતા. તેઓ સિંધમાં જઈ રહ્યા.

૪૧. રાય મલણ

રાય મલણનો પુત્ર મોતી મેરાણ હતો. સર્પના મંત્ર બહુ જાણતો. સર્પથી પ્રાણ મેળવી શકતો. એક કોડીને બે એટલે બાવીસ ઘર ભાઈઓના ગામ ગુગલામાં રહેતા. તેઓ મલણ કહેવાયા.

૪૨. રાય ધબા

રાય ધબા રોડી ગામમાં રહેતા. એમની સાથે સત્તર ઘર મળ્યા. ઘઉંનો વ્યાપાર કરતા, પરાયામાં આશા રાખતા નહિ.

૪૩. રાય ધીરણ

રાય ધીરણ લડાઈમાં કામ આવ્યા તેના પુત્ર ઉદેરાય સાથે ભાઈઓના બાર ઘર મળ્યા, તેમની

નુખ ધીરણ કહેવાઈ.

૪૪. રાય જગતા

જગતાનંદ અતિ બહાદુર હતો. ફોજમાં ઘોડો નાંખી આરપાર નીકળી ગયો. ઘણા તુરકો ઘર કર્યા. પોતાના શરીરમાં ત્રણ ઘા વાગ્યા. એની સાથે રત્નની સંખ્યાથી બમણા અઠાવીસ ઘર મળ્યા. તેની જગતા નુખ કહેવાઈ.

૪૫. રાય ખીયરા

ખેતરમાં કાપણી કરતો કેમ ન હોય તેમ રાય ખીયરો ફોજમાં સો તુરકોને મારી, સહી સલામત નીકળી આવ્યો. પોતે પટાબાજીમાં બહુ પ્રવિણ હતો. ક્ષત્રિ ટેકનો રાખનાર હતો. તુરકોને મારી જગમાં કીર્તિ પામ્યો. ભાઈઓના રુદ્ર (અગિયાર) ઘર મળ્યા. એઓ ત્રણ ભાઈ હતા. જેમાં ખોયરો બળી હતો, એના ત્રાસથી શત્રુઓ નાસી છુટતા.

૪૬. રાય ધુલા

ભાટીઓના સતર ઘર મળ્યા તે એકઠાં થઈ થલમાં રહ્યા તે પરથી ધુલા નુખ કહેવાઈ.

૪૭. રાય સોઢીઆ

સરદાર સંગમલજીની સોઢી (સોઢા રજપુતની જાત છે) રાણીને પેટે થયેલા ચાર પુત્રના ચોવીસ ઘર, સોઢીઆ નુખના કહેવાયા.

૪૮. રાય બોઢા

રાય બોઢા ઘણા ચતુર હતા. તે બરબરમાં રહેતા, વેદ અને અવતાર જેટલી સંખ્યા મળી ઘર (ચૌદ ઘર) થયા. તે બોઢા નુખના કહેવાયા.

૪૯. રાય મોછા

અરંજન જીભાટી, પોતાની મુછો બહુ મોટી રાખતો તેની સાથે એકપણ ઘર મળ્યો નહિ. એમનું એકજ ઘર રહ્યું. એમની મુછો પરથી એમની નુખ મોછા કહેવાઈ.

૫૦. રાય તંબોલ

ભાવલપુરમાં નંદા અને નગા બે ભાઈ રહેતા. તે તંબાલીઓને ધીરધાર કરતા. બીજો ધંધો કરતા

નહિ. ત્રણ નિધિ જેટલા પુરા ઘર એમની સાથે મળ્યા. એઓ શિવભક્ત હતા અને સ્વભાવે જ શુર હતા. એમની તંબોલ નુખ કહેવાઈ.

૫૧. રાય લખણવંતા

રાય લખણવંતા બહુ ભાગ્યશાળી હતા. તેના બાર પુત્ર હતા. એ એક કુટુંબમાં ૧૦૭ માણસ હતા. તોપણ ઘણા હલીમલી રહેતા. એની સાથે ૪૯ ઘર થયા. (તેમની લખણવંતા નુખ કહેવાઈ) એઓ રામચંદ્રના ભક્ત હતા.

૫૨. રાય ઠક્કર

રાય ઠક્કરની નુખમાં ચાર જાત હતી સોઢા, ચહુઆણ, ચાવડા અને પરમાર તેમના કુલ ૩૨ ઘર હતા તેઓ ચારે જાત એક થઈ ભાટીયા સાથે મળી કેમકે એ ચાર જાત સાથે સગાઈ સંબંધ હતો. જેથી તેમને સાથે લીધા, તે આ પ્રમાણે-નાથાજી ચહુઆણની સાત છોકરીઓ હતી, તેમાંથી ૩ લખણવંતા નુખમાં આવેલ અને ૪ રાય ગાજરીયા નુખમાં આવેલ.

૫૩. રાય ભુદરિયા

રાય ભુદરિયા સાથે ૧૨ ઘર મળ્યા. તેઓ સાથે મળીને અણસાર ગામમાં રહ્યા.

૫૪. રાય અણધર

પકડી શકાય નહિ. (એવી ચંચલતાને લીધે) તેમની નુખ અણધર કહેવાઈ. તેમાં બમણી નિધિ જેટલા ઘર (૧૮ ઘર) મળ્યા. તેઓ ફોજમાં નોકરી કરતા.

૫૫. રાય ઢઢાલ

પંચનદ (પંજાબમ) પાસે ઢઢાલા રહેતા. અને રાજાની જમીન પર ભાગે ખેતી કરતા. એમના ૩૨ ઘર થયા, રામાજી ભાટી મુખ્ય હતા. બધાને તેમની સાથે ઓથ હતી.

૫૬. રાય દેગચંદા

દેગ અને ચંદા બે ભાઈ જમાતનો ઈજારો લેતા. તેમની સાથે ૨૧ ઘર મલ્યા અને બે મુખી ભાઈઓનાં નામ પર નુખનું નામ દેગચંદા રાખ્યું.

૫૭. રાય બાબલા

બાબલામાં કુંભો-કાનો (બે ભાઈ) રહેતા હતા. એમની સાથે ૩૨ ઘર થયા અને નુખનું નામ બાબલા (બાબલામાં રહેનાર) રાખ્યું.

૫૮. રાય પ્રમલા

પ્રમલા અને પદમા બે ભાઈ રાસા ગામમાં રહેતા. એમની સાથે ૧૫ ઘર મળ્યા. તે બધા એકજ જગ્યાએ રહ્યા.

૫૯. રાય પોથા

રાય પોથા, પરમા અને નાગજી ત્રણ ભાઈઓ સાથે ૨૩ ઘર મલ્યા. એ પોથા નુખનો વિસ્તાર છે.

૬૦. રાય પોઢધગા

રાય પોઢધગાની નુખમાં દક્ષ પ્રજાપતિ પેઠે. ઘણી કન્યાઓ હતી. દક્ષ રાજાની પેઠે ઘણો દાયજો આપી કન્યાઓ વળાવી. એ નુખમાં નવ ઘર થયા. તેઓ નાનકના પંથમાં હતા. તેઓ કન્યા માટે કરીયાવર સૌથી મોટી કરતા માટે દેશ તથા રાજ્યમાં પોઢધગા કહેવાયા.

૬૧. રાય મથુરા

રાય મથુરા મુલતાનમાં ખાનની પાસે રહેતા. પોતે બહુ દાની હતા, જાચક નિરાશ થઈ જતો નહિ. સમુદ્ર અને વેદ મળી જેટલી સંખ્યા થાય તેટલા (૧૧ ઘર) નુખમાં ઘર થયા. તેઓ રાજકાજમાં ચતુર હતા. એ પ્રમાણે મથુરા નુખનો વિસ્તાર છે.

૬૨. રાય ફરાસ ગાંધી

યંત્રની સહાયતાથી અત્તર અને તેલ કાઢનારને ફરાસ કહે છે. જેતામલ એ બધુ કરતા જેથી ફરાસ કહેવાયા. મુલતાનમાં મોજાુદમાં સાથે વ્યવહાર રાખતા. એની સાથે એકવીસ ઘર મળ્યા. તેની નુખ ફારસગાંધી કહેવાઈ.

૬૩. રાય રણધીર રાયપુરમાં રહેતા. તેની ગાંધીની દુકાન હતી તેની સાથે સત્તર ઘર મળ્યા. તેમની નુખ રાય પરેગાંધી કહેવાઈ.

૬૪. રાય જુજર ગાંધી

પંજાબમાં જુજર ગામમાં, અજિત અને રાફા નામે બે ભાઈઓએ ગાંધીનું હાટ કરેલ. એમને લોકો જુજર ગાંધી કહેતા. એમની સાથે સોળ ઘર મળ્યા. તેમની નુખ જુજર ગાંધી કહેવાઈ.

૬૫. રાય પવાર

દેસા ગામમાં પવાર રાય રહેતા. તેની સાથે ચાર ઘર થયા તે રાય પવાર કહેવાયા.

૬૬. રાય પ્રેમાસુજ

જે વેળા પ્રેમો અને સુજો રણમાં પડયા ત્યારે પ્રેમાનો પુત્ર ગોધો ઊદરમાં હતો. એ બે ભાઈઓનું નામ રાખવા નુખનું નામ પ્રેમાસુજ રાખ્યું. એ નુખમાં ૨૭ ઘર મળ્યા.

૬૭, રાય રાજા

થલીમાં રાજા ગામ પ્રસિદ્ધ છે. એ ગામમાં રહેનારા ભાટીના જે જે ઘર મળ્યા તે રાજા કહેવાયા. એ નુખમાં કુલ ૪૭ ઘર મળ્યા. બધાયની ઘરની ખેતી હતી. એઓમાં મુલરાજ મુખ્ય હતા.

૬૮. રાય પરજીયા

રાય રાસણ પાંચ પુત્ર અને છ ભાઈઓ સહિત તુરકો સામે ચડ્યા. સો તુરકોને મારીને દસ જણ પડયા ફોજમાં ભંગાણ પડયું અને તુરકો ચરણમાં આવી પડયા. રાય રાસણના ભાઈ ભીમ અને પુત્ર જે બાર જણમાંથી બચ્ચા હતા તેમણે શરણે આવેલાઓને માફ કર્યું. જેથી એઓ પરજિયા કહેવાયા.

૬૯. રાય કપુર

કપુરાજી ભાટી અતિ વૃદ્ધ હતા. એમની સાથે નિધિ તથા મેઘની સંખ્યા જેટલા ભાઈઓના ૨૧ ઘર મળ્યા. તેમણે નુખનું નામ કપુરાજી રાખ્યું.

૭૦. રાય ઢાઢર

પંજાબમાં ઢાઢર ગામમાં જેઓ રહેતા તે ઢાઢર કહેવાયા. તેઓના બાર ઘર થયા તેમાં મેઘજી ભાટી મુખ્ય હતા.

૭૧. રાય કર્તરી

રાય કાનાજીના કર્તરી ગામમાં ભાઈઓના ૨૦ ઘર થયા. તેઓ કરતરીયા કહેવાયા. તેઓ બહુ દાની હતા.

૭૨. ગુરુ ગુલાબ

સુજાણ, નાનક પંથી ગુરુ ગુલાબનો શિષ્ય હતો. તેની સાથે ભાઈઓના ૩૦ ઘર મળ્યા. એમણે ગુરુ ગુલાબ એવું નુખનું નામ રાખ્યું.

૭૩. રાય કુકડ

પંચનંદ પાસે કુકડ ગામમાં ૩૩ ઘર થયા, તેમાં સોજાજી મુખ્ય હતા.

૭૪. રાય મુલતાની

જદુરાય મુલતાની મોટો કુટુંબી હતો. તે કાપડનો રોજગાર કરતો, સત્ય બોલતો, એ નુખમાં ૮૪ ઘર મળ્યા. તેઓ મુલતાનમાં રહેતા. ભાઈઓમાં જદુરાય મુલતાનીનો કડપ બહુ હતો.

૭૫. રાય ચમુજા

ચમુજા ગામમાં રહેતા માટે ચમુજા નુખ કહેવાઈ. તેમના ૨૪ ઘર થયા તેમાં દોસોજી મુખી હતા.

૭૬. રાય દેઈઆ

દેયામાં દસ ઘર થયા તેમાં કોકાજી કર્તા હર્તા હતા તેઓ દાણનું કામ કરતા. તેમની નુખ દેવા કહેવાઈ.

૭૭. રાય કરણગોતા

કરણગોતા અવટંકના ભાટીના ૩૨ ઘર થયા. તેઓ ભાવલપુરમાં રહેતા. ભાવલપુરનો ખાન તેમને બહુ માનતો. એમની નુખનું નામ કરણગોતા થયું.

૭૮. રાય આસર

રાય હરિઆની નુખમાં આસર થયો. તેમણે નુખનું નામ પોતા પરથી રાખ્યું. આસરનું કુટુંબ બહોળું હતું. તે કાપડનો વેપાર કરતો. તેનું બોલવું ચાલવું સત્ય હતું. બહુ પ્રતિષ્ઠાપન્ન હતો. તેના પાંચે પુત્ર પણ દયાળુ હતા. તેમના ૧૪ ઘર થયા. હરિભક્તિમાં રહેતા અને બહુ ઉદાર પણ હતા. વળી ભોળા ભદ્રિક અને દયાળુ હતા. પોતાનું કામ પડતુ મુકી પારકાનું કામ કરી આપતા.

૭૯. રાય નિસાત

કણકના નિસાતામાંથી સામુ ને રામુ બે ભાઈ ઉત્તમ હલવા બનાવતા. તે પરથી એમની સાથે જે મળ્યા તેમના નુખ નિસાત (હલવાઈ) કહેવાઈ. એમની સાથે ૧૧ ઘર મળ્યા. એતો રામના ભક્ત હતા.

૮૦. રાય ઉદેસીંહ

પદમાજીના પુત્ર ઉદેરાવ, નાના ભાઈથી ખટપટ થવાથી જુદા થયા અને પોતાની નુખનું નામ

ઉદેસીંહ રાખ્યું. એઓ મોટા વાસમાં ખાન પાસે રહેતા એમના ૧૬ ઘર થયા. એમનામાં સંપ ઘણો હતો. બીજા કોઈની પરવા ન રાખતા.

૮૧. રાય વાહુંચા

ભીમથલીનો ભોજ ઢોરનો વેપાર કરતો. (વાડ) તે પરથી વાહુચા નુખ કહેવાઈ. એ ઉંટ પણ ભાડે ફેરવતો એમાં ૯ ઘર મળ્યા.

૮૨. રાય ભલાયા

પંજાબમાં આવેલ બલયા ગામમાં ભોજાજીનો પુત્ર ભાણ રહેતો તેની સાથે ભાઈઓના આઠ ઘર મળ્યા એમની નુખ ભલાયા કહેવાઈ.

૮૩. રાય પૌવર

પ્રેમા અને પદમા બે ભાઈ પૌવરી ગામમાં રહેતા તેમની નુખનું નામ પૌયર રાખ્યું એ નુખના સત્તર ઘર થયા ખેતીથી નિર્વાહ કરતા.

૮૪. રાય મોટા

મારુ નામે લોહાણો સુલતાનમાં રહેતો તેની કન્યા ધવણનો મનુ પરણ્યો પ્રથમ નાતનો ઠરાવ થએલ કે મનુ પરણે તોપણ તેને ન્યાતે જરાપણ હરકત કરવી નહિ કન્યાનું નામ મોટી હતીં તે મનુ સાથે પરણીને તેનો વિસ્તાર થયે તે મોટા નુખથી ઓળખાયો એ રીતે મોટા નુખ થઈ.

ઉપર પ્રમાણે ૮૪ નુખો બંધાઈ. આ બનાવ સંવત ૧૨૨૬માં બન્યો.

રાય બબલાની નુખોનો ઉલ્લેખ બે વાર કરવામાં આવ્યો છે.

ભાટીઆ મંડળની કારોબારી પાસે ઉપરોક્ત લખાણ ડૉ. ચંદ્રસિંહ ભાટીઆ તરફથી મુકવામાં આવેલ હતું. કમિટીને એમ લાગ્યું જે સં. ૨૦૧૯ની સાલમાં પણ આ છાપવાથી ઘણા ભાઈ-બ્હેનોને જિજ્ઞાસા ખાતર પણ જાણવામાં લાભ થશે. કારણકે આપણામાંના ઘણાને આપણી પોતાની નુખ, ગૌત્ર અને ઓળખ વિષે ઓછી સમજણ છે.

આજના સમયમાં ઘણા ભાઈઓ પોતાના નામની પછવાડે નુખ કે ઓળખતો ઉલ્લેખ ન કરતાં નવી જાતના નામોનો ઉલ્લેખ કરે છે. જે કામ અથવા ગામને લગતું હોય છે. દા.ત. અંજારીઆ, મરચંટ, મુકાદમ વગેરે.

''કેટલાક ભાઈઓને પોતાની નુખોની ખબર નહી હોવાથી નુખને બદલે ઓળખો આપી છે.''

નીચે લખેલી ઓળખોની સામે નુખો આપેલી છે.

ઓળખ		**નુખ**
ગેમાણી	-	સંપટ
ગગવાણી	-	પલેજા
ચીખલ	-	રામૈયા
જેરાજાણી	-	સરૈયા
ટોપરાણી	-	ગાજરીયા
પુરેચા	-	દુતીયા

વીરજીઆની	-	સંપટ
ઓળખ		નુખ
બેરાઈ	-	આશર
મોરપરીઆ	-	આશર
રાજડા	-	ઉદેશી
લીલાણી	-	પંચલોથિઆ
બાભરાઈ	-	પંચલોથિઆ
કપાણી	-	પંચલોથિઆ

૮૪ નુખના ગોત્ર વિશે

૧. પારાશર ગોત્ર..... નુખ ૨૩

૧. રાય ગાજરીયા
૨. રાય પંચલોથિઆ
૩. રાય પલીજા
૪. રાય ગગલા
૫. રાય સરાકી
૬. રાય સોની
૭. રાય સોફલા
૮. રાય જયા
૯. રાય મોગીઆ
૧૦. રાય ધધા
૧૧. રાય રીકા
૧૨. રાય કોઢીઆ
૧૩. રાય કોઆ
૧૪. રાય રડીઆ
૧૫. રાય કજરીયા
૧૬. રાય સીજવલા
૧૭. રાય જબાલ
૧૮. રાય મલાણ
૧૯. રાય ધબા
૨૦. રાય જીંવણ
૨૧. રાય ધીરણ
૨૨. રાય જગતા
૨૩. રાય નિસાત

૨. સાણસ ગોત્ર ૧૧

૧. રાય દુતિયા
૨. રાય જાબા
૩. રાય બબલા
૪. રાય સુઅડા
૫. રાય ધવણ
૬. રાય ઢગા
૭. રાય ખોંધીયા
૮. રાય ઉદેશી
૯. રાય વઢુઆ
૧૦. રાય ભલાયા
૧૧. રાય વનડાતા

૩. સુધરવંશ ગોત્ર.............. નુખ ૮

૧. રાય સંપટ
૨. રાય છછીયા
૩. રાય નાગડા
૪. રાય બબલા
૫. રાય પ્રેમલા
૬. રાય પોથા
૭. રાય પોઢધગા
૮. રાય મથુરા

૪. ભારદ્વાજ ગોત્ર............ નુખ ૧૮

૧. રાય હરીયા
૨. રાય પદમશી
૩. રાય મેદિઆ
૪. રાય જીઆ
૫. રાય ખીઅરા
૬. રાય ધુલા
૭. રાય સોઢીઆ
૮. રાય લોઢા
૯. રાય મોછા
૧૦. રાય તંબોલ
૧૧. રાય લખણવંતા
૧૨. રાય ઠક્કર
૧૩. રાય ભુદરીયા
૧૪. રાય મોટા
૧૫. રાય અણધર
૧૬. રાય ઢઢાલ
૧૭. રાય દેગચંદા
૧૮. રાય આસર

૫. ઋષીવંશ ગોત્ર .... નુખ ૪

૧. રાય મુલતાની
૨. રાયચમુજા
૩. રાય દેઈઆ
૪. રાય કરણગોતા

૬. મધુવાધવાસ ગોત્ર .... નુખ ૧૧

૧. રાય વેદ
૨. રાય સુરૈયા
૩. રાય ગોકુળ ગાંધી
૪. રાય નેગાંધી
૫. રાય પંચાલ
૬. રાય પરેગાંધી
૭. રાય ફરાસ ગાંધી
૮. રાય જુજર ગાંધી
૯. રાય પ્રેમાસુજ
૧૦. રાય બાબલા
૧૧. રાય પોવાર

૭. દેવદાસ ગોત્ર..................... નુખ ૯

૧. રાય રામીઆ
૨. રાય પવાર
૩. રાય રાજા
૪. રાય પરજિયા
૫. રાય ઢાઢર
૬. રાય કરતરી
૭. રાય જુરુ ગુલાબ
૮. રાય કુકડ
૯. રાય કપુર

સવંત ૧૩૬૮ માં મળેલી પ્રથમ ભટ્ટી પરિષદ્ જે વખતે નુખો બંધાઈ